# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

રેફ નં. તાઃ ૨૯/૯/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ભારત સરકારના કોમ્યુનિકેશન્સ રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ સાથે યોજાયેલા ઇન્ટરેકટીવ સેશનમાં રજૂ કરાયેલા બ્રોડબેન્ડ – ઇન્ટરનેટ સર્વિસિસના ઇશ્યુના નિરાકરણ માટે ટેલીકોમ્યુનિકેશન વિભાગ દ્વારા કામગીરી આરંભાઇ, વિભાગ દ્વારા ટીએસપીના ડ્રાઇવ ટેસ્ટ કરાયા, હવે એકશન પ્લાન બનાવી કનેકટીવિટી ઇમ્પ્રુવ કરાશે

**ચેમ્બર દ્વારા બ્રોડબેન્ડ – ઇન્ટરનેટ સર્વિસિસ માટે ઓપન ફોરમ યોજાયું, ગ્રાહકો દ્વારા સર્વિસિસ અને રીફંડ વિશે કરાયેલી ફરિયાદોના નિકાલ માટે ડાયરેકટર વિકાસ દઢીચે સીધી સૂચના આપી**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે બ્રોડબેન્ડ – ઇન્ટરનેટ સર્વિસિસ માટે ઓપન ફોરમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદથી ડિપાર્ટમેન્ડ ઓફ ટેલીકોમ્યુનિકેશનના ડાયરેકટર (ટેકનોલોજી) વિકાસ દઢીચ તથા એડીઇટી (ટેકનોલોજી) અજય કોઠારી અને સુર્યાંશ કોઠારી ઉપસ્થિત રહયા હતા. આ ઓપન હાઉસમાં બ્રોડબેન્ડ અને ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડ કરતા જીટીપીએલ, હાથવે, યુ બ્રોડબેન્ડ, ઇશાન નેટ્સ ઓલ વિગેરેના અધિકારીઓ પણ હાજર રહયા હતા.

ડાયરેકટર વિકાસ દઢીચે જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા અઠવાડિયા પહેલા ભારત સરકારના કોમ્યુનિકેશન્સ રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ સાથે ઇન્ટરેકટીવ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમની સમક્ષ રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે તેમના વિભાગ દ્વારા પ્રયાસો શરૂ કરી દેવામાં આવ્યા છે. ગ્રાહકોને નેટવર્કની સુવિધા મળી રહે તે માટે વિભાગ દ્વારા ટીએસપીના ડ્રાઇવ ટેસ્ટ કરાયા છે. આ ડ્રાઇવ ટેસ્ટને કારણે બીએસએનએલ, વોડાફોન અને જીઓના જે પોકેટમાં ઇશ્યુ મળ્યા છે ત્યાં નિરાકરણ લાવવાની દિશામાં કામગીરી હાથ ધરવામાં આવી છે. હવે એકશન પ્લાન બનાવવામાં આવશે અને કનેકટીવિટી ઇમ્પ્રુવ કરાશે.

તેમણે બ્રોડબેન્ડ – ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ માટે તેની સર્વિસિસ અને સ્કીમ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે કહયું કે, નવા ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર હોય તો તેઓને લાયસન્સ લેવાનું હોય છે. આ નવા લાયસન્સ માટેની માહિતી ચેમ્બરથી પણ મળી રહેશે. ગ્રાહકોને ટેલીકોમ્યુનિકેશન સર્વિસ સારી મળી રહે તે માટે હવે ઓપ્ટીકલ ફાયબર આવી ગયા છે. જેથી ગમે તેટલી સ્પીડ મેળવી શકાય છે. તેમણે કહયું કે, ગુજરાતમાં પ્રથમ ગાંધીનગર અને જામનગર ખાતે ફાઇવ જી ડ્રાઇવ ટેસ્ટ કરવામાં આવશે.

વડાપ્રધાન દ્વારા ગત ડિસેમ્બરમાં PM - WANI (વાયરલેસ એકસેસ નેટવર્ક ઇન્ટરફેસ) સ્કીમ લોન્ચ કરવામાં આવી છે. આ સ્કીમમાં ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સ મહત્વના પીલર તરીકે કામ કરી શકે છે. યુ.એલ. – આઇ.એસ.પી. દેશ, રાજ્ય અને જિલ્લાઓમાં પોતાની સર્વિસ આપી શકે છે. તેમણે પબ્લીક ડેટા ઓપરેટર (પીડીઓ)ના રજિસ્ટ્રેશન વિશે પણ વિસ્તૃત ચર્ચા કરી હતી. કેબલ ઓપરેટરો કેવી રીતે પીડીઓ બની શકે તેની પણ સમજણ આપી હતી. કેબલ ઓપરેટરો પીડીઓ–એ બની શકે છે. પીડીઓ પોતાનું નેટવર્ક ન હોય તો બીજાના નેટવર્કનો ઉપયોગ કરી પ્લાન વેચી શકે છે.

ઓપન હાઉસમાં ગ્રાહકો દ્વારા નેટવર્ક નહી મળતું હોવાની તેમજ રીફંડ મેળવવા માટે પડતી મુશ્કેલીઓ વિશે ફરિયાદો કરી હતી. સર્વિસ નહી આપી હોવા છતાં રીફંડ અટકાવી રાખવામાં આવતી હોવાની પણ ફરિયાદ અધિકારીઓ સમક્ષ કરવામાં આવી હતી. આથી ડાયરેકટર વિકાસ દઢીચે બ્રોડબેન્ડ – ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર્સને ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ લાવવા માટે સૂચના આપી હતી. સાથે જ વર્ષભરનું ઇન્ટરનેટ લેતી વખતે ગ્રાહકોએ રાખવામાં આવતી સાવચેતી વિશે માહિતી આપી હતી. ફરિયાદોનું નિરાકરણ નહી આવે તો તેમણે કેન્દ્ર સરકારના પબ્લીક ગ્રેવન્સ સેલનો સંપર્ક સાધવા જણાવ્યું હતું.

ઉપરોકત ઓપન હાઉસમાં ચેમ્બરના માનદ્‌ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે ચેમ્બરના ઓપન ફોરમના ચેરમેન શૈલેષ દેસાઇએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.